# ગિફ્ટ સિટીએ વિકાસ કામગીરીને આગળ ધપાવતા સેવી ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડને ૧૦ લાખ ચોરસ ફૂટ જગ્યાની ફાળવણી કરી

ગાંધીનગર, તા. ૫

ભારતના એકમાત્ર ઓપરેશનલ સ્માર્ટ સિટી - ગિફ્ટ સિટી અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી)એ ગિફ્ટ એસઈઝેડ વિસ્તારમાં રેસિડેન્શિયલ, કમર્શિયલ અને સોશિયલ બિલ્ડિંગ્સના વિકાસ માટે સેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડને ૧૦ લાખ ચોરસ ફૂટ બિલ્ડ અપ એરિયા (બીયુએ) ફાળવ્યો છે, જે કોવિડ-૧૯ મહામારી વચ્ચે એક મોટું પગલું છે. આ અંતર્ગત સેવી આશરે ૫ પ્રોજેક્ટ્સ વિકસાવશે તથા અંદાજે રૂ. ૭૦૦ કરોડનું રોકાણ કરશે. ગિફ્ટ એસઈઝેડ વિસ્તારમાં કાર્યરત ઓફિસિસ અને ફ્રી ટ્રેડ વેરહાઉસિંગ ઝોન (એફટીડબલ્યુઝેડ) ધરાવતાં ૨૩ માળના કમર્શિયલ ટાવરમાં આ વધુ એક ઉમેરો રહેશે.



ગિફ્ટ એસઈઝેડ વિસ્તારમાં આ તમામ નવા પ્રોજેક્ટ્સથી આશરે ૮,૦૦૦ લોકો માટે નવી રોજગારની પ્રત્યક્ષ તકોનું સર્જન થશે તથા હાલના કમર્શિયલ ટાવરમાં આશરે ૩,૦૦૦ લોકોને રોજગાર પ્રાપ્ત થશે, જે મહદ અંશે લીઝ ઉપર અપાઈ ગયું છે અને કાર્યરત પણ છે.

આ અંગે પ્રતિક્રિયા આપતાં ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું કે, કોવિડ-૧૯ના પડકારજનક સમયમાં રિયલ એસ્ટેટ માટે નોંધપાત્ર ફાળવણીથી આ વિસ્તારમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રને વેગ મળશે. કોવિડ બાદના સમયમાં ગિફ્ટ સિટી રોકાણ માટેનું આદર્શ સ્થળ હોવાનો તે પુરાવો છે. મહામારીના સમયમાં નીતિ નિર્ધારકો સમક્ષ ભાવિ શહેરોના નિર્માણની કાર્યપદ્ધતિ વિકસાવવાનો પડકાર છે ત્યારે ગિફ્ટ સિટી ઉત્તમ ઉદાહરણ છે કે જેનું અનુકરણ કરી શકાય. અમને ખુશી છે કે સેવી નિર્ણાયક તબક્કામાં અભુતપૂર્વ રોકાણ કરી રહ્યું છે.

સેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડના ગ્રૂપ સીએમડી જક્ષય શાહે કહ્યું હતું કે, ગિફ્ટ સિટીમાં ૫ લાખ ચોરસ ફૂટ બીયુએમાં અમારા પ્રથમ ઓફિસ ટાવર પ્રોજેક્ટને પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો છે અને તે લગભગ સંપૂર્ણ લીઝ ઉપર અપાઈ ગયો છે. આથી અમે અહીં બમણા વિસ્તરણનો નિર્ણય કરતાં ૧૦ લાખ ચોરસ ફૂટ બીયુએના વિકાસનો નિર્ણય કર્યો છે, જેને પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આગામી દાયકામાં અમે ગિફ્ટ સિટીને સર્વિસ સેક્ટર ઈન્ડસ્ટ્રી માટે આદર્શ ડેસ્ટિનેશન તરીકે જોઈ રહ્યાં છીએ અને તેથી જ આવનારા વર્ષોમાં આ સ્થળ અભુતપૂર્વ બિઝનેસ વૃદ્ધિ જોશે. કોવિડ ૧૯ બાદ ગિફ્ટ સિટીનો વોક ટુ વર્ક કોન્સેપ્ટ અને અન્ય ટેક્નોલોજી સંબંધિત પરિબળો અનુકરણ માટે યોગ્ય છે. લોકો સ્માર્ટ સિટીઝમાં રહેવા અને કામ કરવાના લાભો અનુભવશે, તેથી જ અમે ગિફ્ટ સિટીમાં ઈન્ટિગ્રેટેડ સિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ માટે આગળ વધવાનો નિર્ણય કર્યો છે.

પ્રસ્તાવિત ફાળવણી મૂજબ સેવી ૧૦ લાખ ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયામાં વિવિધ સબ-પ્રોજેક્ટ્સ વિકસાવશે. આ સબ-પ્રોજેક્ટ્સમાં ઓફિસ બિલ્ડિંગ્સ, લોજીસ્ટિક સ્પેસ, બિઝનેસ સેન્ટર, રેસિડેન્શિયલ કોમ્પ્લેક્ષ, યુનિવર્સિટી બિલ્ડિંગ અને ઈન્ટરનેશનલ ક્લબ સુવિધા સામેલ છે. આ પ્રોજેક્ટ્સનું બાંધકામ નિર્ધારિત સમયમર્યાદામાં શરૂ થશે તેમજ બીજા વૈશ્વિક નાણાકીય કેન્દ્રો અનુરૂપ અદ્યતન ડિઝાઈન અને સુવિધાઓ વિકસાવશે.

ભારતીય અને આંતરરાષ્ટ્રીય ડેવલપર્સ માટે ગિફ્ટ સિટી પસંદ કરવાના મુખ્ય લાભો તેનું વ્યૂહાત્મક સ્થળ, વિશેષ પ્લગ એન્ડ પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સિંગલ વિન્ડો ક્લિઅરન્સ, વોક ટુ વર્ક કોન્સેપ્ટ, સારી જીવન ગુણવત્તા અને નીચો સંચાલકીય ખર્ચ છે.

- ગિફ્ટ એસઈઝેડમાં સેવી રેસિડેન્શિયલ, કમર્શિયલ અને સોશિયલ બિલ્ડિંગ્સનું નિર્માણ કરશે
- ડેવલપર રૂ. ૭૦૦ કરોડનું રોકાણ કરશે, જેથી ગિફ્ટ સિટીમાં હાલના કમર્શિયલ ટાવર સાથે કુલ રોકાણ રૂ. ૧૦૦૦ કરોડ થશે
- ગિફ્ટ એસઈઝેડ વિસ્તારમાં આશરે ૮૦૦૦ લોકો માટે રોજગારની નવી તકોનું સર્જન થશે તેમજ પ્રવર્તમાન કમર્શિયલ ટાવરમાં ૩૦૦૦ લોકોને રોજગાર પ્રાપ્ત થશે, જે લગભગ સંપૂર્ણપણે લીઝ ઉપર અપાઈ ગયો છે અને કાર્યરત પણ છે (ગિફ્ટ સિટીમાં કુલ ૧૧૦૦૦ લોકોને રોજગાર)

# શૈક્ષણિક ઉપકરણ તરીકે રમકડાં ચિંતન અને નિદર્શન એક દિવસીય કાર્ય શાળા





ગાંધીનગર, તા. ૫

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના બાલભવન વિભાગ દ્વારા ૪થી જાન્યુઆરીએ શિક્ષણિક ઉપકરણ તરીકે રમકડાં ચિંતન અને નિદર્શન વિષય પર એક દિવસીય કાર્યશાળાનું સુંદર આયોજન યુનિવર્સિટી કેમ્પસમાં આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પ્રવીણભાઈ વાટલિયા અને વિક્રમ સારાભાઈ સાયન્સ એન્ડ કૉમ્યુનિટી સેન્ટર અમદાવાદ ખાતેથી દિલિપભાઈ સુરકર જોડાયા હતા. આ કાર્યશાળા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહની આગેવાનીમાં યોજાઈ હતી.

જેમાં બાલભવન વિભાગના અધ્યક્ષ ડૉ. નિમિષ વસોયા દ્વારા શિક્ષણિક ઉપકરણ તરીકે રમકડાં ચિંતન અને નિદર્શન વિષય પર રાજ્ય કક્ષાએ આયોજન રમકડાંનાઉદ્દપાદેકોને યુનિવર્સિટી પર આમંત્રિત કરાયા હતા. પ્રવીણભાઈ વાટલિયાએ રમકડાંના ઈતિહાસ, તેની ગુણવત્તા અને માર્કેટિંગ પર પ્રકાશ પાડયો હતો. જ્યારે દિલિપ સુરકરે ગણિત અને વિજ્ઞાનને લગતા રમકડાંઓ વિષે માહિતી આપી હતી. ત્યારબાદ કુલપતિ હર્ષદભાઈ શાહે આવનાર સમયમાં કેવા પ્રકારના રમકડાનું ઉદપાદન કરવું જોઈએ તે વિષય પર માહિતી આપી હતી. આ કાર્યક્રમનુ સંચાલન અને આયોજન બાલભવન વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ખ્યાતિ દવેએ કર્યું હતું.

આ કાર્ય શાળામાં ગુજરાત ભરમાંથી આવેલા રમકડાં ના ઉત્પાદકો દ્વારા તેમના રમકડાંના ઉત્પાદનોનું પ્રદર્શન અને માર્ગદર્શન આપેલ હતું. આ સાથે ગુજરાતમાં રમકડાંની ડીઝાઈન ઉપર કામ કરતાં વિજ્ઞાનીઓએ પણ ભાગ લઈ ને બધાને પોતાના અભિપ્રાય આપ્યો હતો.

# બીબીએ કૉલેજ દ્વારા 'સ્વસ્થ જીવન સફળ જીવન' વિષય પર વર્કશૉપનું આયોજન

### વિદ્યાર્થીઓની સાથેસાથે તેઓના વાલીઓ પણ ઉપરોક્ત વર્કશોપમાં બહોળી સંખ્યામાં જોડાયા અને તેઓએ અનેક સ્વાસ્થ્યને લગતા પ્રશ્નોનું સંતોષકારક સમાધાન મેળવ્યું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના તૃતીય વર્ષના ૧૭૫ વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત વિષય પર સફળ વર્કશોપ નું આયોજન કરવા માં આવ્યું હતું. સફળ કારકિર્દીના ઘડતર માટે વ્યક્તિ તન અને મન થી સ્વસ્થ રહે તે ખૂબ અગત્ય નું છે જેને ધ્યાન માં રાખીને ઉપરોક્ત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજ ના આચાર્યશ્રી એ ઉપસ્થિત રહી તજજ્ઞ ચંદ્રકાંતભાઈ ને સંસ્થા વતી આવકાર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ ને સાંપ્રત સમય માં ઉપરોક્ત વિષય ની જરૂરિયાત બાબતે સમજાવ્યું હતું. ત્યારબાદ કોલેજ તરફથી પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીનાં હેડ ડૉ.જયેશ તન્ના દ્વારા મુખ્ય વક્તાનો પરિચય આપવા માં આવ્યો હતો. ડૉ.જયેશ તન્ના દ્વારા ઉપરોક્ત વિષય પર વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી આપી વર્કશોપ માટે સુસજ્જ કર્યા હતા.આજના તજજ્ઞ વક્તા દ્વારા હાઈડ્રો થેરાપી (જળ ચીકીત્સા)તેમજ ધ્યાન, યોગ, આર્યુવેદ વિષયપર ઊંડાણપૂર્વક સમજ આપી હતી. માઈગ્રેન, ડાયાબિટીસ, આંખનાં નંબર સહિત ના અનેક રોગ જળ ચિકિત્સા તેમજ યોગ,ધ્યાન, આર્યુવેદ, હાર્ટ પ્રોબ્લેમ, ઘૂંટણનાં દર્દ, દ્વારા સફળતા પૂર્વક મટાડી શકાય છે જેની તલસ્પર્શી માહિતી આપવા માં આવતી હતી.તેઓ એ એક સફળ સ્વાસ્થ્ય નો મંત્ર આપતા જણાવ્યુ હતું કે ''પાણી ને ખાવ અને ભોજન ને પીવો'' એટલેકે પાણી ને શરીર ના તાપમાન ને અનુકૂળ બન્યા પછી જ પીવું જોઈએ તેમજ ખોરાક નેએકદમ સૂક્ષ્મ બને ત્યાં સુધી ચાવી ને ખાવો જોઈએ. જેથી મોટા ભાગ ના દર્દ સમાપ્ત થઈ જશે. સહિત અનેક સ્વાસ્થ્ય ના મુદ્દાઓ બાબતે ખૂબ ઉપયોગી માહિતી આપી હતી. જેનાથી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ મોટા પ્રમાણ માં લાભન્વિત થયા હતા. જળ પીવાની પદ્ધતિ બાબત પર ચંદ્રકાંતભાઈ આજે પ્રોફેશનલ ટ્રેનર તરીકે કોર્પોરેટ જગતના લોકોને પણ તાલીમ આપે છે. ચંદ્રકાંતભાઈ દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દીના ઘડતર માટે પહેલા શારીરિક રીતે વ્યક્તિનો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કઈરીતે અગ્રેસર થઈ શકેતે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી.વધુમાં તેમને જણાવ્યું કે મેનેજમેન્ટ ના તમામ ક્ષેત્રમાં ખુબ ઉજવવળ તકો છે.જે બાબતે વિદ્યાર્થીઓએ જાગૃત બની સફળતા મેળવવા યોગ્ય પ્રયત્ન કરશે તો ચોક્કસ સફળતા મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ની બીબીએ કોલેજ અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થી તેમજ તેના પરિવાર ના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે છે. જેના ભાગરૂપે ઉપરોક્ત કાર્યક્રમ નું આયોજન કરવા માં આવ્યું હતું. અને કાર્યક્રમ દરમ્યાન વાલી મિત્રો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા અનેક સ્વાસ્થ્ય ને લગતા પ્રશ્નો પૂછી તેનું નિરાકરણ મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ બાબતે વિદ્યાર્થીઓ તેમજ વાલીશ્રીઓ દ્વારા અભિપ્રાય આપતા જણાવ્યુ હતું. કે આવા કાર્યક્રમ એ સાંપ્રત સમય ની જરૂરિયાત છે




સમગ્ર વર્કશોપ નું સફળતાપૂર્વક આયોજન કોલેજ નાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ ડૉ.જયેશ તન્ના,ડૉ.આશિષ ભુવા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

# સરકારી વિજ્ઞાન કૉલેજ ગાંધીનગર દ્વારા ઓનલાઈન સ્ટેટ લેવલ સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૫

સરકારી વિજ્ઞાન કોલેજ, સેકટર-૧૫ , ગાંધીનગરના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા ૩જી જાન્યુઆરીએ "Man v/s Microbes : The story of COVID-19" વિષય પર One day online State Level Seminarનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનારની શરૂઆતમાં કોલેજના આચાર્ય ડો. એમ. જી. ભટ્ટ સાહેબે કાર્યક્રમમાં આમંત્રિત વકતાઓ, તથા ગુજરાતની વિવિધ કોલેજોમાથી ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકઓનું સ્વાગત કર્યું હતું. તે પછી વિભાગના અધ્યક્ષ ડો. ચેતન અંબાસણા એ સેમીનારની પ્રસ્તાવના આપી હતી. ડો. જિજ્ઞાસા ઠુમર એ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ સેમીનારમાં. GBRC, ગાંધીનગરના નિયામક ડો. ચૈતન્ય જોશી, GBRC, ગાંધીનગરના સહનિયામક ડો. માધવી જોશી, Micro Aid Diagnostic Lab, અમદાવાદના દિનેશ ખંધાડીયા , અને સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના ડો. જિજ્ઞાસા ઠુમર, ડો. આરેફા બાઅકઝા, ડો. શીતલ પીઠવા એ વ્યાખ્યાનો આપ્યા હતાં. વ્યાખ્યાતાઓએ હાલની COVID-19 ની પરિસ્તીથી ને અનુલક્ષીને માહિતી આપી હતી. માઈક્રોબાયોલોજી વિભાગના અધ્યક્ષ ડો. ચેતન અંબાસણા ના માર્ગદર્શન હેઠળ, ઓનલાઈન કાર્યક્રમની તકનીકી વ્યવસ્થા ડો. ધર્મેશ અધ્યારૂ એ કરી હતી. કાર્યક્રમ ના અંતમાં ડો. આરેફા બાઅકઝા એ સર્વે ની આભારવિધી કરીને કાર્યક્રમ ને સમાપ્ત જાહેર કર્યો હતો. આ સેમીનાર માં ૩૫૭ પાર્ટીસીપન્ટ્સ એ ભાગ લીધો હતો.






વાવોલ વિસ્તારમાં આવેલ સાર્થક સફલ સોસાયટીમાં રહેતા બહેનો દ્વારા સાથે મળી શ્વાન માટે લાડુ બનાવવામાં આવ્યા. છેલ્લા ચાર વર્ષથી સાર્થક સફલના રહીશો દ્વારા સ્વૈચ્છિક ફંડ તેમજ ચીજવસ્તુના અનુદાનથી ભેગા મળી લાડુ બનાવવાનું આયોજન કરવામાં આવે છે જેમાં સૌ પોતપોતાની રીતે યોગદાન આપે છે જેમાં આ વખતે નાના ભૂલકાઓનો પણ સહયોગ સાંપડ્યો હતો

# લુઈ બ્રેઈલના જન્મદિનને સક્ષમ ગુજરાત પ્રાંત દ્વારા ગાંધીનગર ખાતે ઉજવવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં આજે સવારના ૧૨. ૦૦ થી સાંજના ૪.૩૦ સુધી બ્રેઈલ લિપીના જનક લુઈ બ્રેઈલના જન્મ દિને જ વિકલાંગોના વિકાસ માટે કામ કરતાં રાષ્ટ્રીય સંગઠન - સક્ષમ (સમદ્દષ્ટિ, ક્ષમતા વિકાસ અને અનુસંધાન મંડલ) ગુજરાતનું પ્રાંતીય અધિવેશન કિસાન સંઘના હોલમાં સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાયું હતું. આ અધિવેશનમાં સક્ષમના રાષ્ટ્રીય અયક્ષ દયાલસિંહ પંવાર, રાષ્ટ્રીય મહાસચિવ કમલાકાંત પાંડે અને રાષ્ટ્રીય કોષાધ્યક્ષ અજીતસિંહ શેખાવત પણ ઉપસ્થિત રહ્યા હતા. તે સિવાય સક્ષમ, ગુજરાતના પ્રમુખ પ્રફુલ ભાઈ પટેલ તથા મંત્રી નિતીન જાની તથા જુદા જુદા જિલ્લાઓમાંથી આવેલા સક્ષમના ૫૦ જેટલા હોદ્દેદારો હાજર રહ્યા હતા. કાર્યક્રમ શરૂ થતાં પહેલાં ઉપસ્થિત સૌને ભોજન કરાવવામાં આવેલ હતું. તે પછી કાર્યક્રમની શરૂઆત લુઈ બ્રેઈલ અને ભારત માતાના ફોટા સમક્ષ ઉપસ્થિત હોદ્દેદારો દ્વારા દીપ પ્રગટાવી શ્લોક બોલીને કરવામાં આવી. તે પછી રાજ્યના મંત્રી નિતીન જાની દ્વારા સક્ષમ ભારત સમર્થ ભારતનું ગીત ગવડાવી ઉપસ્થિત સોને ઝંકૃત કરવામાં આવેલ. તે પછી સૌ પ્રથમ રાષ્ટ્રીય અધ્યક્ષ દયાલસિંહ પંવાર દ્વારા લુઈ બ્રેઈલના જીવન વિષે સવિસ્તર વિગતો આપી તેઓના જીવનમાંથી કંઈક પ્રેરણા લેવા તેમજ તેઓએ અંધ જનો માટે આપેલા અમૂલ્ય યોગદાન બદલ આભાર વ્યક્ત કરેલ હતો. દયાલસિંહ પોતે પણ અંધ હોઈ બ્રેઈલ લિપીનું મહત્વ સારી રીતે જાણતા હતા.



આમ સક્ષમના ઉપસ્થિત સૌ લોકોએ લુઈ બ્રેઈલના જન્મદિનને યોગ્ય રીતે મનાવ્યો હતો.


રાષ્ટ્રીય સચિવ કમલાકાંત પાંડેએ આ નિમિત્તે સક્ષમ સંસ્થાનો ઉદ્દેશ્ય અનો સંગઠનનો મર્મ સમજાવી ઉપસ્થિત સૌને પ્રાંત કક્ષાએ અનો જિલ્લા કક્ષાએ સંગઠનને વધુ મજબૂત કરવા અને તેનો વ્યાપ વધારવા માટે શું શું કરવું જોઈએ તે અંગે સવિસ્તર માર્ગદર્શન આપ્યું હતું.

રાષ્ટ્રીય કોષાધ્યક્ષ અજીતસિંહ શેખાવતે સક્ષમ દ્વારા રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ જે સેવાના કાર્યો કરવામાં આવે છે તે માટે સૌની સરાહના કરી વધુ મજબૂત રીતે કામ કરવા વિનંતી કરી હતી. આ નિમિત્તે અન્ય ઉપસ્થિત મહાનુભાવોએ પણ પોતાનું માર્ગર્શન આપ્યું. અંતે મંત્રી દ્વારા શ્લોક બોલાવીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.



ગાંધીનગરમાં આવેલી એસ એસ વી કેમ્પસના વિદ્યાર્થીઓ દ્વારા આપણા જીવનમાં સેવા આપતા લોકોના પરિધાન સજી વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ પરિવેશ ધારણ કરી તેમની સેવાઓ બદલ આભાર વ્યક્ત કરવા માટે 'Our Helper`s Day' ઉજવ્યો. જેમાં નાના ભૂલકાઓ એ ડોક્ટર,એર હોસ્ટેસ અને શિક્ષક જેવા અલગ અલગ વ્યવસાયનો વેશ ધારણ કરી તેમના વિશેની માહિતિ મેળવી હતી.

## જન્મદિને વધામણી




વલ્લભભાઈ એમ. પટેલ
ચેરમેન,
કડી સર્વ વિશ્વવિદ્યાલય



મીનાબેન બ્રહ્મભટ્ટ
નિવૃત્ત ઉપસચિવ



સજનબા રહેવર
લાયોનેસ ક્લબ




નીના સિંગ
લાયોનેસ ક્લબ



મોના તેજસ પરમાર



નાયી રવિકુમાર બાબુલાલ
મો. ૯૩૭૯૬ ૭૩૪૦૪૦



નક્ષ મૌલિક પટેલ



રીયાંશી પ્રેમલ શાહ



માસ્ક પહેરો...
સ્વસ્થ રહો...